# ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં ૫ સુધારા વિધેયક રજૂ કરાશે

**ઓપરેશન** સિંદૂર માટે કેન્દ્ર સરકારને અભિનંદન આપતો રાજકીય પ્રસ્તાવ લાવવામાં આવશે

ગાંધીનગર : રાજ્યમાં આગામી તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું અને ચોમાસુ સત્ર યોજાશે. તા. 8 મી ના રોજ સત્રની શરૂઆત પ્રશ્નોતરીથી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા તશે. ત્યારબાદ ગૃહ મુલતવી રાખવામાં આવશે.

તા. ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત ૫(પાંચ) વિધેયક રજૂ કરાશે. ઓપરેશન સિંદુરની સફળતાના પગલે આ સત્ર દરમિયાન સીએમ ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.

આ ત્રણ દિવસીય વિધાનસભા સત્રની કામગીરી અંગે કેબીનેટ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સત્ર દરમિયાન કુલ પાંચ વિધેયક રજૂ કરાશે. રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારની વધુ તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશ્યક લાભો-સુરક્ષાના પગલાંઓ સબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલાં લેવા જરૂરી હોઈ વટહુકમ લાવવામાં આવ્યો હતો. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા ‘કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫‘ રજૂ કરવામાં આવશે.

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની ભલામણોને શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, 2017 (CGST Act) અને ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, 2017 (GGST Act) ની જોગવાઈઓની એકરૂપતા જાળવવા માટે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ 2017માં સુધારો કરવો જરૂરી હોઈ વટહુકમ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ઉદ્યોગોમાં વ્યવસાય પ્રક્રિયાના પુનઃનિર્માણને પ્રોત્સાહન મળે અને લોકોના જીવનની સરળતામાં સુધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર કાનુની નિયમનોને સરળ બનાવવા, ડિજિટાઇઝેશન અને તર્કસંગત બનાવવા જેવા શ્રેણીબદ્ધ પગલાં લેવા માટે તત્પર છે. જે અંતર્ગત સરકાર સરકાર જીવન અને વ્યવસાયોને સરળ બનાવવા અને કોર્ટ પરનો કેસોનો ભારણ ઘટાડવા માટે ‘ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક, ૨૦૨૫‘ રજૂ કરશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની સૂચના મુજબ રાજ્યમાં આયુર્વેદિક અને યુનાની પ્રેક્ટિશનરોની પ્રેક્ટિસ-નોંધણીની નિયમનકારી સંસ્થાને સ્ટેટ મેડિકલ કાઉન્સિલ ફોર આયુર્વેદિક અને યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિન તરીકે ઓળખવામાં આવશે. જેથી ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩માં ‘બોર્ડ’ શબ્દને બદલે ‘કાઉન્સિલ’ શબ્દનો ઉપયોગ કરીને યોગ્ય સુધારા લાવવા જરૂરી છે.તદુપરાંત રાજ્ય સરકારે રાજ્યમાં ક્લિનિકલ સંસ્થાઓની નોંધણી અને નિયમન માટે ગુજરાત ક્લિનિકલ સ્થાપના (નોંધણી અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ લાગુ કર્યો છે. રાજ્યભરમાં આ કાયદાનો અસરકારક અમલ થાય તે માટે કાયદા દ્વારા ફરજિયાત નોંધણી માટે ક્લિનિકલ સંસ્થાઓને વધુ વ્યાજબી સમય પૂરો પાડવો જરૂરી માનવામાં આવે છે. જે અંતર્ગત ‘ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫‘ રજૂ કરવામાં આવશે.

### આ પાંચ સુધારા વિધેયક રજૂ કરવામાં આવશે

(1) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું ‘કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫’
(2) નાણા વિભાગનું ‘ગુજરાત માલ અને સેવા કર (દ્વીતીય સુધારા) વિધેયક, ૨૦૨૫’
(3)ઉદ્યોગ અને ખાણ વિભાગનું ‘ગુજરાત જનવિશ્વાસ (જોગવાઇઓના સુધારા) વિધેયક ૨૦૨૫’
(4)આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું ‘ગુજરાત વૈદક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫’
(5) ‘ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫’

# ટેકાના ભાવે ખરીદીની નોંધણી માટેનું પોર્ટલ પુનઃ કાર્યરત કરાયું

**એક** જ દિવસમાં ૨.૧૭ લાખ ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરી

ગાંધીનગર : ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી શરૂ થયા બાદ પોર્ટલ ક્રેશ થયું હતું. પોર્ટલ ક્રેશ થવા પાછળનું કારણ અંગેલ મળતી માહિતી મુજબ , ગત વર્ષે નોંધણી શરૂ થયા બાદ એક જ દિવસમાં ૪,૫૦૦ VCE લોગિન થયા હતા અને અંદાજે ૫૯,૦૦૦ નોંધણી પૂર્ણ થઈ હતી. આ ટ્રેન્ડને ધ્યાને રાખીને ચાલુ વર્ષે પોર્ટલને ૪,૫૦૦ VCE ઉપરાંત 30 ટકા વધારાની ક્ષમતા સાથે કાર્યરત કરવામાં આવ્યું હતું.આ વર્ષે નોંધણીના પ્રથમ દિવસે જ એક સાથે ૯,૦૦૦ VCE લોગિન થયા હતા. જેથી ગત વર્ષની સરખામણીએ લોડમાં ૧૦૦ ટકા એટલે કે બમણો વધારો થતા આ પોર્ટલ ક્રેશ થયું હતું. અચાનક વધી ગયેલા લોડથી સિસ્ટમ ક્રેશ થયા બાદ પોર્ટલની ક્ષમતા વધારીને તેને બીજા જ દિવસે સવારથી પુનઃ કાર્યરત કરવામાં આવ્યું હતું.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે પોર્ટલની ક્ષમતા વધાર્યા બાદ હાલમાં ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર સરળતાપૂર્વક નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે. આજે તા. 3 સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાક સુધીમાં જ રાજ્યના ૨.૧૭ લાખથી વધુ ખેડૂતોએ ૯,૦૦૦ VCE મારફત ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી કરી છે. રાજ્યના ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે કૃષિ વિભાગે તાત્કાલિક ધોરણે સિસ્ટમને મહત્તમ કાર્યક્ષમતાએ પુનઃસ્થાપિત કરી હતી.

# અંબાજીના મહામેળામાં માઈભક્તોની AI દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા

**ટેક્નોલોજીનો** આ ઉપયોગ માઈભક્તોની સલામતીને વધુ સુરક્ષિત બનાવશે

ગાંધીનગરઃ વિશ્વવિખ્યાત અંબાજી મંદિરે ભાદરવી પૂનમ મહામેળા દરમ્યાન લાખો માઈભક્તો માતાજીના દર્શનાર્થે દૂર દૂરથી પગપાળા આવે છે. આ વર્ષે પ્રથમવાર અંબાજીમાં પોલીસ વિભાગ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ તથા અસામાજિક તત્વોને ડામવા માટે AI ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

અંબાજી ભાદરવી મેળામાં યાત્રિકોની સુરક્ષાના અન્ય ઉપકરણો જોઈએ તો પીપલ કાઉંટિંગ કેમેરા- ૧૨, AI કેમેરા- ૧૨, સોલાર બેઝ AL કેમેરા- ૨૦, બોડી વોર્ન કેમેરા- ૯૦, પોલીસ વ્હીકલ માઉંટિંગ કેમેરા, ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમ વિથ માઈક્રો ફોન સ્પીકર તેમજ હંગામી તમામ પાર્કિંગ કેમેરાની ફીડ GPYVB દ્વારા પોલીસ કંટ્રોલ રૂમમાં આપવામાં આવે છે, જેના દ્વારા મેળામાં કોઈપણ અસામાજિક કે ગુનાહિત પ્રવૃત્તિ પર બાઝ નજર રાખી તેને ડામી શકાય છે.

AI આધારિત સર્વેલન્સ સિસ્ટમ દ્વારા સમગ્ર મેળાના વિસ્તારમાં શંકાસ્પદ હલનચલન, ગુમ થયેલા યાત્રિકોની ઓળખ અને ભીડના સંચાલન પર તાત્કાલિક નજર રાખી શકાય છે. સ્માર્ટ કંટ્રોલ રૂમ મારફતે મેળા ક્ષેત્રના તમામ મહત્વના સ્થળો પર સીસીટીવી કેમેરાથી લાઈવ મોનિટરિંગ થાય છે. કોઈપણ પ્રકારની અણધારી ઘટના કે ગુનાહિત પ્રવૃત્તિ સામે પોલીસ તાત્કાલિક કાર્યવાહી કરી શકે છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધીક્ષક પ્રશાંત સુંબેએ જણાવ્યું કે, સીસીટીવી સર્વેલન્સ સાથે એ.આઇ ટેક્નોલોજીનો સમન્વય સાધી મેળામાં યાત્રિકોને સલામતિ અને સુરક્ષા પ્રદાન કરવામાં આવી રહી છે. સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોમાંથી મેળવેલા ગુનેગારોના ચહેરા ઓળખી તેમને પકડવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત એક સમયે મંદિરમાં કેટલાં લોકોએ દર્શન કર્યા તેનો અંદાજ મેળવી ભીડને નિયંત્રણ કરી શકાય છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ સ્ટેબલ કોઈન્સના શસ્ત્રથી અમેરિકાની તાકાત વધારવા માગે છે




ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના અનેક દેશો સામે ટેરિફનું શસ્ત્ર ઉગામ્યું તેની સાથે સ્ટેબલ કોઈન્સ નામનું નવતર શસ્ત્ર પણ ઉગામ્યું છે, જેના પર બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. આજે દુનિયામાં બિટકોઈન્સ જેવી સંખ્યાબંધ ક્રિપ્ટો કરન્સી ચાલી રહી છે, જેના પર કોઈનો અંકુશ નથી અને જેના ભાવો પણ સ્થિર નથી. દાખલા તરીકે બિટકોઈન્સના ભાવોમાં એટલી બધી વધઘટ ચાલી રહી છે કે તેનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય વેપારમાં વિનિમય તરીકે કરી શકાતો નથી. હાલ તો બિટકોઈન્સનો ઉપયોગ રોકાણના માધ્યમ તરીકે કરવામાં આવી રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં GENIUS એક્ટ પર હસ્તાક્ષર કર્યા, જેના વડે આંતરરાષ્ટ્રીય વેપારમાં સ્ટેબલ કોઇન્સના માધ્યમથી ચૂકવણી માટેનું નિયમનકારી માળખું સ્થાપિત કરવામાં આવ્યું છે. આ કાયદા દ્વારા ક્રિપ્ટો કરન્સી સાથે અમેરિકન સરકારના જોડાણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કાયદા મુજબ સ્ટેબલ કોઈન્સને અમેરિકાના ડોલર સાથે જોડી દેવામાં આવ્યા છે. તેનો અર્થ એવો થાય છે કે એક સ્ટેબલ કોઈનનો ભાવ કાયમ માટે એક અમેરિકન ડોલર જેટલો જ રહેશે. જો સ્ટેબલ કોઈનનો ભાવ સ્થિર રહે તો ધીમે ધીમે આંતરરાષ્ટ્રીય વેપારમાં વિનિમયના સાધન તરીકે તે અમેરિકન ડોલરનું સ્થાન લઈ લેશે. ટેથર અને યુએસડી કોઈન જેવા લોકપ્રિય સ્ટેબલ કોઈનને યુએસ ડોલરનો ટેકો છે. નવાઇની વાત એ છે કે આ બંને સ્ટેબલ કોઈન ડોનાલ્ડ ટ્રમ્પની કંપની ક્રિપ્ટો વેન્ચર વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલ (WLFI) દ્વારા બહાર પાડવામાં આવ્યા છે, જેને GENIUS એક્ટ દ્વારા અમેરિકન સંસદે માન્યતા આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પનાં આ પગલાંએ તેમના વેપારી તરીકેનાં વ્યક્તિગત રોકાણો અને અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકેના નીતિગત નિર્ણયોને એકબીજા સાથે જોડી દીધા છે. ૨૦૨૫ માં તેમના ક્રિપ્ટો વેન્ચર વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલ (WLFI) ના ટોકન લોન્ચ સાથે ડોનાલ્ડ ટ્રમ્પ પરિવારે તેની સંપત્તિમાં પાંચ અબજ ડોલરનો જંગી વધારો નોંધાવ્યો છે. અબુ ધાબીનું સોવરિન ફંડ, ટ્રોનના સ્થાપક જસ્ટિન સન, દુબઈના ધનાઢ્ય રોકાણકારો અને પાકિસ્તાનના લશ્કરી શાસકો તથા ઉચ્ચ સરકારી અધિકારીઓ ડોનાલ્ડ ટ્રમ્પના વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલમાં મુખ્ય સમર્થકો છે, જેના કારણે તેની પહોંચમાં વધારો થયો છે.

સ્ટેબલ કોઈન્સને વિશ્વસનીયતા પ્રદાન કરવા માટે GENIUS એક્ટ પસાર કરવા પાછળ ડોનાલ્ડ ટ્રમ્પની ઊંડી રાજકીય અને આર્થિક ચાલ છે. ડોનાલ્ડ ટ્રમ્પને ખબર છે કે આંતરરાષ્ટ્રીય વેપારમાં વિનિમયનાં સાધન તરીકે અને રિઝર્વ કરન્સી તરીકે ડોલરની ઉપયોગિતા અને વિશ્વસનીયતા ઘટી રહી છે. બ્રિક્સના દેશોએ તો આપસમાં ચીનના યુઆન અને ભારતના રૂપિયામાં વેપાર કરવાનો શરૂ પણ કરી દીધો છે, જેને કારણે ડોલરનું સ્થાન ડગમગી ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક બાજુ દુનિયાના દેશો ઉપર આડેધડ ટેરિફ ઝીંકી રહ્યા છે તો બીજી તરફ તેઓ તેમને સ્ટેબલ કોઈન્સમાં વેપાર કરવા માટે દબાણ કરી રહ્યા છે. તેમનો ઇરાદો એવો છે કે અમેરિકાના આકરા ટેરિફથી બચવા માટે દુનિયાના દેશો અને વેપારીઓ જો વિનિમયનાં સાધન તરીકે ડોલરને બદલે સ્ટેબલ કોઈન્સનો ઉપયોગ કરવા માંડે તો તેમને ટેરિફ ચૂકવવો પડે નહીં, કારણ કે સ્ટેબલ કોઈન્સની લેવડદેવડ કરવા માટે પારંપરિક બેન્કિંગ ચેનલની જરૂર પડતી નથી.

પાકિસ્તાન ક્રિપ્ટો કાઉન્સિલ (PCC) ની સ્થાપના પાકિસ્તાનમાં ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય દેશને દક્ષિણ એશિયાનું ક્રિપ્ટો હબ બનાવવાનો હતો. પછીના મહિને, ૨૬ એપ્રિલના રોજ, એટલે કે પહેલગામ હુમલાના માત્ર ચાર દિવસ પછી, PCC એ ટ્રમ્પ પરિવાર સાથે જોડાયેલી કંપની વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલ સાથે કરાર કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રો એરિક અને ટ્રમ્પ જુનિયર અને જમાઈ જેરેડ કુશનરવર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલમાં ૬૦ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીનો દાવો છે કે તે પાકિસ્તાનમાં બ્લોકચેન ઇનોવેશન, સ્ટેબલ કોઇન્સ અને નાણાંકીય વ્યવસ્થાના અમલીકરણને વેગ આપવામાં મદદ કરશે. પાકિસ્તાન જેવા દેશ સાથે કરાર કરવાનો અર્થ એ છે કે કંપનીને કરોડો લોકોના મોટા બજારમાં પ્રવેશ મળ્યો છે. આ સોદામાં પાકિસ્તાની વડા પ્રધાન, આર્મી ચીફ, નાયબ વડા પ્રધાન, માહિતી મંત્રી, સંરક્ષણ મંત્રી અને નાણાં મંત્રીનો પણ સમાવેશ થતો હતો. તે જ સમયે કંપની વતી સ્થાપકો ઝાચેરી ફોકમેન અને ઝાચેરી વિટકોફ પણ હાજર હતા. ઝાચેરી મધ્ય પૂર્વમાં ટ્રમ્પના ખાસ પ્રતિનિધિ સ્ટીવ વિટકોફના પુત્ર છે.

અમેરિકન મીડિયાના રિપોર્ટ અનુસાર જ્યારે પાકિસ્તાને બ્લોકચેન અને ક્રિપ્ટો અપનાવવા માટે WLF સાથે કરાર કર્યો, ત્યારે તેણે કંપનીને એક પ્રકારની સરકારી માન્યતા પણ આપી હતી. આના કારણે તેના (WLFIના) ટોકનના મૂલ્યમાં ઝડપથી વધારો થયો હતો. આ લોન્ચ પછી ડોનાલ્ડ ટ્રમ્પના પરિવારની સંપત્તિમાં અબજો ડોલરનો વધારો થયો, પરંતુ આ લાભ ફક્ત પૈસા પૂરતો મર્યાદિત નથી. તે એક રાજકીય મૂડી પણ છે. પાકિસ્તાનમાં આવા સોદા સીધા વડા પ્રધાન અને આર્મી ચીફના સ્તરે થયા હતા. આનો અર્થ એ થયો કે ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવારના હવે પાકિસ્તાન સાથે માત્ર રાજદ્વારી સ્તરે જ નહીં, વ્યાવસાયિક સ્તરે પણ ઊંડા સંબંધો છે.

આ કરાર પછી ડોનાલ્ડ ટ્રમ્પનું ભારત પ્રત્યેનું વલણ બદલાયું છે. પાકિસ્તાની વ્યવસાયમાં ડોનાલ્ડ ટ્રમ્પના પરિવારની સંડોવણીને કારણે ઘણા નિષ્ણાતો માને છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને બદલે પાકિસ્તાનની તરફેણ કરી રહ્યા છે. અમેરિકાએ પાકિસ્તાન પર ફક્ત ૧૯ ટકા ટેરિફ લાદ્યો છે, પણ તેમણે અગાઉ ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો, જેને વધારીને ૫૦ ટકા કર્યો હતો. સંભવ છે કે ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનની સરકાર સાથે બ્લોકચેન ટેકનોલોજી અને ક્રિપ્ટો કરન્સી અપનાવવા માટે જે પ્રકારના કરાર કર્યા તેવા કરાર કરવાની તેમણે ભારતની સરકારને પણ ઓફર કરી હોય પણ ભારત સરકારે તે ઓફર ન સ્વીકારી હોય તેની સજા ભારતને કરવામાં આવી છે.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) જેક સુલિવને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર દેશ કરતાં પોતાનાં અંગત હિતોનું ધ્યાન રાખવાનો આરોપ લગાવ્યો છે. સોમવારે એક યુટ્યુબ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે ટ્રમ્પે પાકિસ્તાન સાથેના પારિવારિક વ્યવસાય ખાતર ભારત સાથે અમેરિકાના સંબંધો બગાડ્યા છે. સુલિવાને કહ્યું કે ટ્રમ્પના નિર્ણયનું નુકસાન આખા દેશને ભોગવવું પડશે. તેમણે કહ્યું કે ટ્રમ્પે પોતાના અંગત ફાયદા માટે ભારત-પાકિસ્તાન સંઘર્ષ રોકવાનો દાવો કર્યો હતો. આ ટ્રમ્પની વિદેશ નીતિનું એક પાસું છે, જે મુદ્દો હજુ સુધી ઉઠાવવામાં આવ્યો નથી. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની વિદેશ નીતિથી ભટકીને પાકિસ્તાન અને આર્મી ચીફ અસીમ મુનીરને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે અમેરિકા હંમેશા ભારત સાથે સારા સંબંધો રાખવા માંગે છે. ભારત સાથે સારા સંબંધો રાખવાથી અમેરિકાને ફાયદો થાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પે એક સમયે ક્રિપ્ટો કરન્સીનો વિરોધ કર્યો હતો, પણ તેમણે તેમના બીજા કાર્યકાળમાં તેમને ખૂબ જ સ્વીકારી છે અને પ્રોત્સાહન આપ્યું છે. તેમણે અમેરિકાને ક્રિપ્ટોની વૈશ્વિક રાજધાની બનાવવાનું વચન આપ્યું છે. ૨૦૨૫ના જુલાઈમાં તેમણે જીનિયસ એક્ટ પર હસ્તાક્ષર કર્યા, જે સ્ટેબલ કોઈન્સ માટેનો પ્રથમ મુખ્ય ફેડરલ કાયદો હતો. વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલના USD1 સ્ટેબલ કોઇનને યુએસ ડોલર સાથે જોડી દેવામાં આવે છે, જે તેને અન્ય ક્રિપ્ટો કરતા ઓછા અસ્થિર બનાવે છે. વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલ અનુસાર ડોનાલ્ડ ટ્રમ્પનો પરિવાર અને અન્ય નજીકના લોકો WLFI ટોકન્સના ૨૦ ટકાથી વધુ માલિકી ધરાવે છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટીકાકારો કહે છે કે કોઈ પણ આધુનિક અમેરિકન રાષ્ટ્રપતિએ રાજકીય કાર્યાલયને આટલી મોટી કૌટુંબિક સંપત્તિમાં ફેરવ્યું નથી. આનાથી વૈશ્વિક સ્તરે નૈતિક અને નિયમનકારી પ્રશ્નો ઊભા થાય છે. વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલ અને ડોનાલ્ડ ટ્રમ્પના અન્ય ક્રિપ્ટો સાહસોએ વોચડોગ જૂથો અને ડેમોક્રેટિક નેતાઓમાં ચિંતા ઊભી કરી છે. તેઓ કહે છે કે ક્રિપ્ટો ઉદ્યોગનું નિયમન કરતી વખતે ડોનાલ્ડ ટ્રમ્પની ખાનગી વ્યવસાયમાં સંડોવણી હિતોના સંઘર્ષ તરફ દોરી શકે છે. જ્યારે દેશના એક મોટા વેપારીને રાષ્ટ્રપતિ બનાવવામાં આવે ત્યારે વેપાર અને રાજકારણની ભેળસેળ થાય તે સ્વાભાવિક છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) જેક સુલિવને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર દેશ કરતાં પોતાનાં અંગત હિતોનું ધ્યાન રાખવાનો આરોપ લગાવ્યો છે**

## BUSINESS મિત્ર

### જીએસટી કાઉન્સીલની બેઠક શરૂઃ મેટલ શેરોમાં ઉછાળો

# મજબૂત સર્વિસીસ ડેટાના પગલે શેરબજારમાં ઉછાળોઃ નિફ્ટીએ 24700ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 3:** જીએસટી કાઉન્સીલની બેઠક આજથી શરૂ થઈ છે, આ મહત્વપુર્ણ બેઠકના પરિણામ ઉપર બજારની નજર રહેલી છે, તેની સાથે મજબૂત સેવા પીએમઆઇ ડેટા વચ્ચે આજે સ્થાનિક ઈક્વિટી બેન્ચમાર્ખ મોટા વધારા સાથે બંધ થયા હતા. વિવિધ ચીજવસ્તુઓ પર રેટ કટની જાહેરાત કરવાની વ્યાપકપણે અપેક્ષા છે.

નિફ્ટી 24700 પોઈન્ટના લેવલની ઉપર સ્થિર થયો હતો. ચીન સાથેની સફળ ચર્ચા બાદ મેટલ શેરોમાં કરન્ટ જોવાયો હતો. જોકે, મજબૂત સર્વિસીસ પીએમઆઇ ડેટા આવ્યા હતા, આમ છતાં આઈટી શેરો શરૂઆતમાં સુધારા સાથે ખુલ્યા હતા, પણ છેલ્લે નફાવસુલી બદલે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

આર્થિક સ્તરે એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ ઈન્ડેક્સ 60.5 ટકાથી વધીને ઓગસ્ટમાં 62.9 થયો હતો. આ જુન 2010 પછીનો વિસ્તરણનો સૌથી મોટો દર સુચવે છે.

સેકટર વાઈઝ જોઈએ તો મેટલ, ફાર્મા અને પીએસયુ બેન્ક શેરોમાં તેજીજ વા મળી હતી, જ્યારે આઈટી અને મીડિયા સેકટરમાં નરમાઈ જોવા મળી હતી.

ઈનક્રેડ ગ્રુપની રિટેલ વેલ્થ ટેક શાખા ઈનક્રેડ મની, એમએમટીસી પીએમપીની સાથે ભાગીદારીમાં ડિજીટલ સોનુ અને ચાંદી લોન્ચ કરવાની જાહેરાત કરી છે. પીએમપી એસએ-સ્વીટઝરલેન્ડ અને ભારત સરકારની એમએમટીસીનું સંયુક્ત સાહસ છે અને ભારતના એકમાત્ર એલબીએમએ માન્યતા પ્રાપ્ત ગુડ ડિલીવરી ગોલ્ડ અને સીલ્વર રિફાઈનરી છે. ફક્ત રૂ. 10ના પ્રારંભિક રોકાણ સાથે આ પ્રોડકટનો હેતુ ભારતના રોજીંદા ખર્ચ કરનારાઓને રોજીંદા બચતકર્તાઓમાં બદલવાનો છે.

બીએસઇ સેન્સેક્સ 409.83 પોઈન્ટ એટલે કે 0.51 ટકા વધીને 80567.71 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 80671 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80004 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 135.45 પોઈન્ટ એટલે કે 0.55 ટકા વધીને 24700 પોઈન્ટની સપાટી કુદાવી હતી, 24715.05 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24737 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24533 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બેન્ક નિફ્ટી 406.55 પોઈન્ટ એટલે કે 0.76 ટકા 54000 પોઈન્ટની સપાટી કુદાવીને 54067.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ટીબીઓ ટેક લિ.માં 40.02 ગણા, એયુ સ્મોલ બેન્કમાં 20.8 ગણા, ઈન્ડસ ટાવરમાં 6.58 ગણા, ફોનીક્સ મીલ્સમાં 4.37 ગણા, અને ગોદરેજ એગ્રોવેટમાં 3.42 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટીબીઓ ટેકમાં 33.89 ગણા, એનએમડીસીમાં 11.6 ગણા, પિરામલ ફાર્મામાં 8.81 ગણા, પીએનસી ઈન્ફ્રાટેકમાં 6.12 ગણા અને ઈન્ડસ ટાવરમાં 5.66 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો ચાલુ રહેવા પામ્યો હતો. આજે પણ લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.63 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.90 ટકા વધ્યા હતા. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2630 શેરો વધ્યા હતા, જ્યારે 1477 શેરો ઘટયા હતા અને 170 શેરો યથાવત રહ્યા હતા.

એનએસઈ એસએમઈ સત્વ એન્જિનીયરીંગના આઈપીઓનું 26.80 ટકા પ્રીમિયમ સાથે રૂ. 95.10ના ભાવે લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 75ના ભાવે ઓફર કર્યો હતો. જે 184.20 ગણો છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં આગેકૂચ જોવા મળી હતી, જે અગાઉના સત્રમાંઘટાડામાંથી બહાર આવી હતી, કારણ કે લાંબા ગાળાના પ્રાદેશિક બોન્ડસમાં વેચવાલીએ હળવા થવાના સંકેતો દર્શાવ્યા હતા. એશિયન બજારો નીચા સમાપ્ત થયા. કારણ કે રોકાણકારોએ વેપાર વાટાઘાટો અને ભૌગોલિક રાજકીય તણવામાં નવા વિકાસની સાથે વધતી વૈશ્વિક બોન્ડની અસર કરી હતી.

બીજા વિશ્વયુદ્ધના અંતની 80મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે લશ્કરી પરેડમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગના ભાષણ બાદ ચીનના બજારોધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા.

### રૂપિયામાં 10 પૈસાનો સુધારા સાથે આગળ વધ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 3:** કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 10 પૈસા સુધારા સાથે 88.07ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.17ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 102.40, પાઉન્ડ 117.42, કેનેડિયન ડોલર 63.81, ઓસ્ટ્રેલિયન ડોલર 57.24, જાપાનીઝ યેન 0.5726 અને સીંગાપોર ડોલર 68.27ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 87.07 રૂ. |
| યુરો | 102.40 રૂ. |
| પાઉન્ડ | 117.42 રૂ. |
| યેન | 0.5926 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 409.83 | 80567.71 |
| નિફ્ટી | 135.45 | 24715.05 |
| બેન્ક નિફ્ટી | 406.55 | 54.067.55 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 5.97 | 167.85 |
| હિન્દાલ્કો | 3.05 | 742.95 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.70 | 1072.20 |
| કોલ ઇન્ડિયા | 2.55 | 389.80 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 2.25 | 768.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.31 | 1479.10 |
| એચડીએફસી લાઇફ | 0.80 | 776.45 |
| એનટીપીસી | 0.61 | 334.25 |
| વિપ્રો | 0.55 | 249.56 |
| નેસલે ઇન્ડિયા | 0.51 | 1194.80 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 5.90 | 167.80 |
| ટાઇટન કંપની | 1.73 | 3680.40 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.62 | 3286.10 |
| આઇટીસી | 1.19 | 411.50 |
| ઇટર્નલ | 1.16 | 326.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.19 | 1479.30 |
| એનટીપીસી | 0.55 | 334.35 |
| એચયુએલ | 0.49 | 2663.90 |
| અદાણી પોર્ટસ | 0.36 | 1331.20 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફ્ડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફ્ડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફ્ડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૯૬૦૦ |
| તેજાબી સોનું | ૧૦૯૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૦૪૧૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૦૭૪૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૯૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૨૭૧૦૦ |
| ચાંદી સિક્કા | ૧૨૮૬૦૦ |

# કેટલાક દેશો ડોલર પર પીઠ ફેરવીને ચીની યુઆન અને સ્વિસ ફ્રાન્ક તરફ વળ્યા

**શ્રીલંકા**, કેન્યા અને પનામા જેવા દેશો હવે ચાઇનીઝ રેનમિન્બી અને સ્વિસ ફ્રાન્ક જેવા ચલણોનો સહારો લઇ રહ્યા છે

નવી દિલ્હી, તા. 3

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર ડિ-ડોલરાઈઝેશન અંગે ચેતવણી આપી છે. તે જ સમયે, ઘણા વિકાસશીલ દેશો ડોલરથી પોતાને દૂર રાખતા હોય તેવું લાગે છે. તેનું કારણ ડોલરમાં દેવું ચૂકવવા અને નવી લોન લેવાની ઉંચી કિંમત છે. આ જ કારણ છે કે શ્રીલંકા, કેન્યા અને પનામા જેવા દેશો હવે ચાઈનીઝ રેનમિન્બી અને સ્વિસ ફ્રાન્ક જેવા ચલણોનો સહારો લઈ રહ્યા છે.

નાણાકીય નિષ્ણાતોનું કહેવું છે કે આ પગલું રાજકીય કારણોસર નહીં પણ આર્થિક કારણોસર લેવામાં આવી રહ્યું છે. યુએસ ફેડરલ રિઝર્વના ઊંચા વ્યાજદરને કારણે ડોલર આધારિત ધિરાણ મોંઘું થયું છે. હાલમાં ફેડરલ રિઝર્વનો વ્યાજદર 4.25 ટકાથી 4.5 ટકા વચ્ચે છે, જ્યારે સ્વિત્ઝર્લેન્ડનો વ્યાજદર 0 ટકા અને ચીનનો દર 1.4 ટકા છે. એટલે કે, યુઆન અથવા ફ્રાન્કમાં લોન લેવી દેશો માટે ઘણી સસ્તી થઈ રહી છે. દેવાની ચૂકવણીના ખર્ચમાં મુદ્દલ, વ્યાજ અને ફીનો સમાવેશ થાય છે. સાથે જ વ્યાજ દર અને પ્રોસેસિંગ ચાર્જ જેવી વસ્તુઓ ઉધારીના ખર્ચમાં ઉમેરવામાં આવે છે. આ ઉંચી કિંમત વિકાસશીલ દેશોને ડોલરથી દૂર લઈ જઈ રહી છે.

કેન્યા સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તે ચીનની એક્ઝિમ બેંક સાથે 5 અબજ ડોલરના રેલવે પ્રોજેક્ટ માટેની લોનને ડોલરમાંથી યુઆનમાં રૂપાંતરિત કરવા માટે વાતચીત કરી રહી છે.

શ્રીલંકાનારાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ સંસદમાં જણાવ્યું હતું કે સરકાર યુઆનમાં લોન લઈને અટકી પડેલા હાઈવે પ્રોજેક્ટને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

જુલાઈમાં પનામાએસ્વિસ બેંકો પાસેથી લગભગ 2.4 અબજ ડોલરનું ઋણ ફ્રાન્કમાં લીધું હતું. આનાથી તેને લગભગ 200 મિલિયન ડોલરની બચત થઈ. નિષ્ણાતો કહે છે કે આ નિર્ણયો મોંઘા ડોલરના દેવાથી રાહત મેળવવાના હેતુથી અસ્થાયી પગલાં છે. જો કે, તે સ્પષ્ટ છે કે ઘણા નાના દેશો પોતાના માટે સસ્તા અને સલામત વિકલ્પો શોધી રહ્યા છે. બ્રિક્સ દેશોમાં ડિ-ડોલરાઈઝેશન અંગે ચર્ચા થઈ રહી છે, પરંતુ ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે, આ દિશામાં તેની કોઈ યોજના નથી.

# ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઇ ઓગસ્ટમાં 15 વર્ષની ઊંચી સપાટીએ

**નવા** ઓર્ડર અને ઇન્ટરનેશનલ ડિમાન્ડથી સર્વિસ સેક્ટરમાં તેજી રહી

નવી દિલ્હી, તા. 3: ભારતના સેવા ક્ષેત્રએ ઓગસ્ટમાં પણ પોતાનું મજબૂત પ્રદર્શન જારી રાખતાં 15 વર્ષની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ્યું હતું. એચએસબીસી ઈન્ડિયા સર્વિસિસ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) જુલાઈમાં 60.5થી વધીને ઓગસ્ટમાં 62.9 થયો હતો.

નવા ઓર્ડરમાં વધારો અને આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થવાથી ઉત્પાદન અને રોજગાર બંનેમાં વધારો જોવા મળ્યો. દરમિયાન કમ્પોઝિટ પીએમઆઈ આઉટપુટ ઈન્ડેક્સ પણ જુલાઈમાં 61.1થી વધીને 63.2 થયો હતો, જે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ બંને સેક્ટરમાં મજબૂત વૃદ્ધિનો સંકેત આપે છે. એચએસબીસીના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજલ ભંડારીએ જણાવ્યું હતું કે, “ભારતનો સર્વિસિસ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ ઓગસ્ટમાં 62.9 પર પહોંચ્યો હતો. નવા ઓર્ડરમાં તેજી અને આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થવાને કારણે સેવા ક્ષેત્રે પણ રોજગારને વેગ મળ્યો. ઊંચી માંગ અને વધતા મજૂર ખર્ચને કારણે ઈનપુટ અને આઉટપુટના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો.

# એચડીએફસી બેંકે વ્યાપક રીટેઇલ સોલ્યુશન્સ પૂરા પાડવા માટે સીટ્રોએનઇન્ડિયા સાથે ભાગીદારી કરી

મુંબઇ, તા. 3: વાહન ખરીદવાની પ્રક્રિયાને સરળ બનાવવા તથા ગ્રાહકો અને ડીલરો બંને માટે નાણાકીય સુલભતા વધારવાના સહિયારા વિઝનની સાથે, સીટ્રોએનઈન્ડિયાએ શ્રેષ્ઠ રીટેઈલ અને ડીલર ફાઈનાન્સ સોલ્યુશન્સ પૂરાં પાડવા ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક એચડીએફસી બેંક સાથે સહભાગીદારી કરી છે. આ વ્યૂહાત્મક પગલું સ્ટેલેન્ટિસ -એચડીએફસીના ગઠબંધનને વધુ મજબૂત બનાવે છે, એચડીએફસી બેંક ભારતમાં જીપ, માસેરાતી અને હવે સીટ્રો એન સહિતની તમામ સ્ટેલેન્ટિસ બ્રાન્ડ્સ માટે એકમાત્ર પસંદગીની ફાઈનાન્સર બની ગઈ છે.